સંક્ષિપ્ત સમાચાર

બોડેલી રથયાત્રામાં કોમી એકતાનું અનોખું ઉદાહરણ મુસ્લિમ સમાજ દ્વારા શ્રદ્ધાળુઓને બિસ્કિટનું વિતરણ

બોડેલી : બોડેલી નગરમાં ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા દરમિયાન કોમી એકતા, માનવતા અને ભાઈચારાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું. મુસ્લિમ સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા સેવા ભાવના સાથે રથયાત્રામાં જોડાયેલા હજારો શ્રદ્ધાળુઓને ઠંડું પીવાનું પાણી અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું. ઉનાળાની ગરમી અને ભીડને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ સેવાકીય પ્રવૃત્તિને શ્રદ્ધાળુઓએ હર્ષભેર આવકારી હતી. રસ્તા પર ઉભા રહી સ્વયંસેવકોએ ભક્તોને ઠંડું પાણી અને બિસ્કિટ આપી તેમની સેવા કરી હતી. મુસ્લિમ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે "માનવસેવા એ જ સર્વોત્તમ સેવા છે." સમાજમાં ધાર્મિક સૌહાર્દ, પરસ્પર પ્રેમ અને ભાઈચારાનો સંદેશ પહોંચે તે હેતુથી આ સેવા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોડેલી નગરમાં કોમી એકતા અને સામાજિક સૌહાર્દનું પ્રેરણાદાયી દૃશ્ય સર્જાયું હતું. વિવિધ સમાજના લોકો એકબીજાના ધાર્મિક પ્રસંગોમાં સહભાગી બની સેવા અને સદભાવનાનો સંદેશ આપતા જોવા મળ્યા, જે બોડેલીની ગંગા-જમુની સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ બન્યું.

બોડેલી તાલુકા પંચાયતમાં જિલ્લા પંચાયત પ્રમુખે સરપંચો અને તલાટી કમ મંત્રીઓ સાથે કર્યો સંવાદ

બોડેલી: છોટાઉદેપુર જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને હાલના જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવાએ જિલ્લા પંચાયતના પ્રમુખપદની જવાબદારી સંભાળ્યા બાદ જિલ્લાના તમામ તાલુકા પંચાયતોમાં ગ્રામ વિકાસને વધુ અસરકારક બનાવવા માટે સંવાદ કાર્યક્રમોની શરૂઆત કરી છે. આ અંતર્ગત બોડેલી તાલુકા પંચાયતના મીટિંગ હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવાના અધ્યક્ષસ્થાને અને તાલુકા વિકાસ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ બાદમાં તલાટી કમ મંત્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ઉપેન્દ્રભાઈ રાઠવાએ ગ્રામ પંચાયતોના સર્વાંગી વિકાસ, સ્થાનિક સમસ્યાઓના નિરાકરણ અને વિકાસલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે સરપંચો અને તલાટી કમ મંત્રીઓ પાસેથી રચનાત્મક સૂચનો મેળવ્યા હતા. તેમણે રજૂ થયેલા પ્રશ્નો અને સૂચનોનો યોગ્ય નિકાલ કરવાની ખાતરી આપી હતી. જિલ્લા પંચાયત પ્રમુખે ગ્રામ વિકાસના કાર્યોમાં પારદર્શિતા, ગુણવત્તા અને સમયસર અમલીકરણ પર ભાર મૂકતાં સરપંચો અને તલાટી કમ મંત્રીઓને સરકારની વિવિધ કામગીરી કરવાની અપીલ કરી હતી.

સશક્ત દીકરી પહેલ હેઠળ વિદ્યાર્થીનીઓએ કલેક્ટર કચેરીની મુલાકાત લીધી

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાની મણીબેન હાઈસ્કૂલ અને એસ.એફ. હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ 'સશક્ત દીકરી - કલેક્ટર ઇન ક્લાસરૂમ' પહેલ અંતર્ગત જિલ્લા કલેક્ટર કચેરીની પ્રેરણાદાયી મુલાકાત લીધી હતી. કલેક્ટર ગાર્ગી જૈન સાથે થયેલા પરામર્શના અનુસંધાને આ વિશેષ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.મુલાકાત દરમિયાન વિદ્યાર્થીનીઓને જિલ્લા વહીવટીતંત્રની કાર્યપદ્ધતિ, કચેરીની વિવિધ શાખાઓની કામગીરી અને નાગરિકોને આપવામાં આવતી જાહેર સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. અધિકારીઓએ સરકારી તંત્ર સમાજના સર્વાંગી વિકાસ માટે કેવી રીતે કાર્ય કરે છે તેની પ્રત્યક્ષ સમજણ પણ આપી હતી. આ પ્રસંગે કલેક્ટર ગાર્ગી જૈને વિદ્યાર્થીનીઓને આત્મવિશ્વાસ સાથે મોટા સપના જોવાની પ્રેરણા આપી હતી.સાથે જ આઈએએસ, આઈપીએસ સહિતની સિવિલ સર્વિસીસમાં કારકિર્દી બનાવી દેશસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

સાધલી કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો

શિનોર : વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સાધલી ખાતે આવેલી એસ .સી.એ. પટેલ આર્ટ્સ કોલેજ, સાધલી ખાતે પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નવા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડો. એ.વી. દવેએ નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરી કોલેજનો ઇતિહાસ, મિશન-વિઝન તેમજ સ્ટાફનો પરિચય કરાવ્યો હતો.ડો. બી.કે. પટેલે નવી શિક્ષણ નીતિ, સમયપત્રક અને વિવિધ વિષયોની માહિતી આપી હતી. પ્રો. કે.એલ. વાળાએ એન.એસ.એસ. તથા પરીક્ષા મૂલ્યાંકન પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.ડો. આઈ.એ. આખલીએ સાંસ્કૃતિક વિભાગ અને CWDC અંતર્ગત યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ વિશે માહિતી આપી હતી.

શ્રી બદ્રીનારાયણ મંદિરના પીઠાધીશ્વર 1008 સુદર્શનાચાર્ય મહારાજનો જન્મદિવસ ભક્તિભાવથી ઉજવાયો

ડભોઇ : અષાઢ સુદ બીજના પવિત્ર અવસર પર, જ્યારે દેશભરમાં ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળે છે, ત્યારે ડભોઈના પૌરાણિક શ્રી બદ્રીનારાયણ મંદિરમાં પણ અનોખો ભક્તિમય માહોલ સર્જાયો હતો. આ પાવન દિવસે મંદિરના પીઠાધીશ્વર પૂજ્ય 1008 સુદર્શનાચાર્ય મહારાજનો જન્મદિવસ ભક્તો દ્વારા શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. હિંદુ ધર્મમાં અષાઢ સુદ બીજનું વિશેષ મહત્વ રહેલું છે. આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી ભવ્ય રથમાં બિરાજમાન થઈ નગરચર્યા માટે નીકળે છે અને લાખો શ્રદ્ધાળુઓ તેમના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આવા પવિત્ર અને શુભ દિવસે પૂજ્ય સુદર્શનાચાર્ય મહારાજનો જન્મદિવસ આવતાં ભક્તોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રી બદ્રીનારાયણ મંદિરે દર્શનાર્થે આવેલા ભક્તોએ મહારાજને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ તેમના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણ, જયઘોષ અને ધાર્મિક ભાવનાઓથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ મહારાજના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને સમાજ-ધર્મની સતત સેવા માટે પ્રાર્થના કરી હતી.

વાઘોડિયામાં ભગવાન જગન્નાથની છઠ્ઠી રથયાત્રા માનવ મહેરામણ ઉમટ્યુ

ભગવાન જગન્નાથ બહેન સુભદ્રા અને ભાઈ બાલભદ્ર સાથે નગર ચર્યાએ

જય રણછોડના જયઘોષ સાથે ભક્તિનો માહોલ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.16 નગરમાં ભગવાન જગન્નાથની છઠ્ઠી ભવ્ય રથયાત્રા વાઘોડિયા ખાતે યોજાઈ હતી. જેમાં હજારોની જનમેદનીએ જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે વાતાવરણને ગજવી દીધું હતું. વાઘનાથ મહાદેવથી નીકળેલી આ રથયાત્રાનું દ્વારકાધીશ મંદિર પાસે સહેલી પરિવાર દ્વારા મોસાળું ભરાયું હતું. જગતનો નાથ બહેન સુભદ્રા અને ભાઈ બલદેવ સાથે નગરચર્યાએ નીકળતાં રાજમાર્ગો પર ઠેરઠેર સ્વાગત કરાયું હતું. મહાઆરતી સાથે ભક્તોએ ભગવાનને પ્રિય જાંબુ અને મગના પ્રસાદનો લાભ લીધો હતો. ભજનની રમઝટ સાથે નીકળેલી રથયાત્રાથી સમસ્ત નગર ધાર્મિક વાતાવરણમાં ફેરવાયું હતું. વાઘોડિયા સમસ્ત નગર આયોજિત આ રથયાત્રા નું પ્રસ્થાન વાઘોડિયાના પ્રથમ નાગરિક એવા નગરપાલિકા પ્રમુખ બ્રિજેશભાઈ ગૌસ્વામી,

વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, નગરપાલિકા સભ્યો ગામના આગેવાનો તેમજ નગરજનોએ ભગવાન જગન્નાથના રથને ખેંચી ધન્યતા અનુભવી હતી.નગર ચર્યા જોવા નીકળેલ ભગવાનનું ઠેર ઠેર પુષ્પો વૃષ્ટિ થી સ્વાગત. વાઘોડિયા નગરમાં ભક્તિ ભર્યા વાતાવરણથી તરબોળ.પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે રથયાત્રા સપન્ન.

બોડેલીમાં ભવ્ય જગન્નાથ રથયાત્રા, ઉમટ્યો જનસાગર

(પ્રતિનિધિ) બોડેલી, તા.16 બોડેલી નગરમાં અષાઢી બીજના પાવન અવસરે ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના માહોલમાં નીકળી હતી. સતત પાંચમા વર્ષે યોજાયેલી આ રથયાત્રામાં બોડેલી, અલીપુરા, ઢોકલીયા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

ભગવાન શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ

બલભદ્રજીને આકર્ષક રીતે શણગારાયેલા નયનરમ્ય રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. બેન્ડવાજા, ભજન-કીર્તન અને "જય રણછોડ... માખણ ચોર"ના ગગનભેદી જયઘોષ વચ્ચે રથયાત્રા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતાં સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો.

રથયાત્રામાં ધાર્મિક સંસ્થાઓની આકર્ષક ઝાંખીઓ તેમજ વિસ્તારના પરંપરાગત આદિવાસી લોકનૃત્યએ સૌનું મન મોહી લીધું હતું. આ પ્રસંગે સંખેડા વિધાનસભાના ધારાસભ્ય, બોડેલી નગરપાલિકાના પ્રમુખ, બોડેલી નગરના આગ્રણીઓ તથા બોડેલી વૈષ્ણવ સમાજના આગેવાનો દ્વારા ભગવાન શ્રી જગન્નાથજીનું ભવ્ય સ્વાગત કરી આરતી ઉતારવામાં આવી હતી.

પાદરામાં ભવ્ય જગન્નાથ રથયાત્રા, ભક્તિમય માહોલ

(પ્રતિનિધિ) પાદરા, તા.16 પાદરા ખાતે અષાઢી બીજના પાવન અવસરે રામેશ્વર તળાવ પાસે આવેલા રામજી મંદિર (રામ ટેકરી) ખાતેથી શ્રી રામ ટેકરી મંદિરના મહંત દશરથદાસજી મહારાજના સાનિધ્યમાં તથા નગરજનો અને સ્થાનિક સોસાયટીના રહીશોના સહયોગથી ભગવાન શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીની ભવ્ય રથયાત્રા નીકળી હતી.

રથયાત્રાના પ્રસ્થાન પૂર્વે ભગવાનની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તોએ સુવર્ણ પુષ્પઝાડું મારી રથનું પૂજન કર્યું હતું અને દોરડા વડે રથને ખેંચી ભક્તિભાવ સાથે યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

કરજણ નવાબજારથી નીકળી ભવ્ય જગન્નાથજીની શોભાયાત્રા

(પ્રતિનિધિ) કરજણ, તા.16 કરજણના નવાબજાર સ્થિત રણછોડરાય મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા નીકળી, જેણે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ યાત્રા માત્ર એક ધાર્મિક સરઘસ નહોતી, પરંતુ કરજણની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ધરોહરનું જીવંત પ્રદર્શન હતું, જ્યાં શ્રદ્ધા અને ઉત્સાહનો અદ્ભુત સંગમ જોવા મળ્યો.

આ પવિત્ર અવસરે કરજણ-

શિનોર-પોરના ધારાસભ્ય અક્ષય પટેલ અને માજી ધારાસભ્ય સતીષભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભગવાન જગન્નાથજીની આરતી ઉતારી, આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને આ ભક્તિમય માહોલમાં સહભાગી બન્યા.

છોટાઉદેપુરમાં વાજતે ગાજતે ભગવાન જગન્નાથ નગર ચર્યાએ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16 છોટાઉદેપુર નગરમાં આજરોજ અષાઢી બીજને રથયાત્રા નો પવિત્ર પર્વ ઉજવાયો જેમાં ભગવાન જગન્નાથ ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે નગરમાં ભ્રમણ કરી પ્રજાને આશીર્વાદ આપ્યા છે. આ પર્વ ઉજવવા નાના બાળકની માંડી વૃદ્ધ ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા. રણછોડરાય મંદિર છોટાઉદેપુર ખાતેથી આજરોજ ભગવાન

જગન્નાથજીની રથયાત્રાનું વિશેષ આયોજન જગન્નાથ રથયાત્રા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું નગરમાં નીકળેલી રથયાત્રા રણછોડરાય મંદિરથી નગરના રાજમાર્ગો પર ફરી હતી અને ભારે આસ્થા શ્રદ્ધા ઉમંગ ઉત્સાહ અને ભક્તિ ભાવ સાથે સૌ કોઈ આ ધાર્મિક કાર્યમાં જોડાયા હતા.

નગરમાં નીકળેલી રથયાત્રામાં 5 બગી જેમાં 2 વેશભૂષા અને 3 બગીમાં સાધુ સંતોને બિરાજમાન કરવામાં આવ્યા હતા. જેમાં 1 બેન્ડ, 2 ડીજે, 1 ભજન મંડળી, 2 ઘોડા, 1 નાસીક ઢોલ, 1 રામ ઢોલ સાથે વિશાળ રથયાત્રા નીકળી હતી જેને સમગ્ર નગરમાં એક આકર્ષણ જમાવ્યું હતું.

ચાંદલાના બે લાખના ભાગની માંગે પારિવારિક તકરાર હિંસક

કાકા સહિત ચાર સામે શિનોર પોલીસમાં ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) શિનોર, તા. 16 વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના અચીસરા ગામમાં પારિવારિક તકરાર હિંસક બની હતી. બહેનના લગ્નમાં આવેલા ચાંદલાના બે લાખ રૂપિયામાં ભાગ માંગવાના મુદ્દે કાકા સહિત ચાર લોકોએ પરિણીત દંપતી પર હુમલો કર્યો હોવાનો આરોપ છે. હુમલામાં ચાર મહિનાની ગર્ભવતી મહિલાને પણ માર મારાતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ અચીસરા ગામના અને હાલ ભરૂચ જિલ્લાના પાલેજ ખાતે રહેતા દંપતી લગ્નનું પ્રમાણપત્ર મેળવવા માટે પોતાના વતન અચીસરા ગામે આવ્યા હતા. ત્યારબાદ તેઓ પરત પાલેજ જવા નીકળ્યા ત્યારે કાકા સલીમશા દિવાને તેમને રોકી બહેનના લગ્ન સમયે આવેલા અંદાજે બે લાખ રૂપિયાના ચાંદલામાંથી પોતાનો ભાગ માંગ્યો હતો. દંપતીએ રૂપિયા લગ્ન થયેલી બહેનના ખાતામાં જમા હોવાનું જણાવતાં કાકા ઉશ્કેરાયા હતા અને ઝઘડો શરૂ થયો હતો.

ચાર વર્ષથી જોખમી બનેલા માર્ગ અંગે અનેક રજૂઆતો છતાં કાર્યવાહી નહીં

ધનીવાડામાં શ્રમયજ્ઞનો અનોખો દાખલો, ગામલોકોએ પોતાના ખર્ચે કર્યો માર્ગ સમારકામ

(પ્રતિનિધિ) કવાંટ, તા.16 કવાંટ તાલુકાના ધનિવાળા ગામના પ્રજાની અનેક રજૂઆતો છતાં તંત્રના કાન પર જૂં ન રેંગી. અંતે ગામના યુવાનોએ ફરિયાદના કાગળોને બદલે પાવડા અને કોદાળીઓ હાથમાં લઈ ઈતિહાસ રચી દીધો જ્યારે તંત્ર સૂઈ ગયું, ત્યારે યુવાની જાગી; ધનીવાડામાં શ્રમયજ્ઞે રસ્તા નહીં, વિશ્વાસનું સમારકામ કર્યું જો લોકો પોતાની સમસ્યાનો ઉકેલ જાતે જ શોધવા મજબૂર બને, તો તંત્રની જવાબદારી ક્યાં?

વિકાસના દાવાઓ વચ્ચે ક્યારેક કોઈ ગામ એવી કથા લખી જાય છે, જે સરકારના અહેવાલોમાં નહીં પરંતુ લોકોના હૃદયમાં સ્થાન પામે છે. કવાંટ તાલુકાની સમલવાટ ગ્રામ

પંચાયતના ધનીવાડા ગામે પણ એવી જ એક પ્રેરણાદાયી ગાથા રચાઈ છે. છેલ્લા લગભગ ચાર વર્ષથી ગામના ઉચલા ફળિયાના મુખ્ય કોન્ક્રીટ માર્ગમાં પડેલા પોલાણને કારણે અકસ્માતનો ભય ગામલોકોના રોજિંદા જીવનનો ભાગ બની ગયો હતો. અનેક રજૂઆતો છતાં તંત્રના કાન પર જૂં ન રેંગી. અંતે ગામના યુવાનોએ ફરિયાદના કાગળોને બદલે પાવડા અને કોદાળીઓ હાથમાં લઈ ઈતિહાસ રચી દીધો.

ધનીવાડાનો આ માર્ગ માત્ર રસ્તો નથી, પરંતુ ગામની જીવનરેખા છે. ખેડૂતો પોતાના પાક સાથે, પશુપાલકો દૂધ લઈને, વિદ્યાર્થીઓ ભવિષ્યના સપના લઈને અને સામાન્ય ગ્રામજનો રોજિંદા કામ માટે આ માર્ગે પસાર થાય છે. પરંતુ રસ્તાની બાજુએ પડેલા પોલાણ અને ધોવાણે દરેક સફરને જોખમભરી બનાવી દીધી હતી.

સાંગમા ગામે આંકફરકનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાદરા : પાદરા તાલુકાના સાંગમા ગામે ગોકુલેશ સોસાયટી સામે આવેલા કેબિનની પાછળ ખુલ્લી જગ્યામાં આંકફરકનો જુગાર રમાડતા એક શખ્સને પાદરા પોલીસે ઝડપી પાડી તેની પાસેથી રોકડા રૂપિયા 10,230 સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. દરમિયાન વિપુલભાઈ રમેશભાઈ ગોહીલ (ઉ.વ. 35), રહે. ગોકુલેશ સોસાયટી, સાંગમા, લોકોને પૈસાના હારજીતનો આંકફરકનો જુગાર રમાડતા ઝડપાઈ ગયો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ. 10,230, આંકડા લખેલી ત્રણ કાપલીઓ તથા એક બોલપેન કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

કરજણના જૂનાબજારમાં ખુલ્લી ગટર બની મોતનો ખાડો

મુખ્ય માર્ગની બાજુમાં ખુલ્લી ગટરથી અકસ્માતનો ભય, સ્થાનિકોમાં ચિંતા

(પ્રતિનિધિ) કરજણ, તા. 16 કરજણ નગરપાલિકાના જૂનાબજાર વિસ્તારમાં પ્રવેશદ્વાર નજીક આવેલી ખુલ્લી ગટર, જેને કૂવો કહીએ તો પણ અતિશયોક્તિ નથી, તે સ્થાનિકો અને રાહદારીઓ માટે એક મોટો ખતરો બની રહી છે. આ ગટર, જે રસ્તાની બરાબર બાજુમાં આવેલી છે, તે અંધારામાં કોઈ વાહનચાલક કે રાહદારી માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. તેની ઊંડાઈ અને પહોળાઈ જોતાં, તે ખરેખર એક નાના કૂવા જેવી જ પ્રતીત થાય છે. આ વિસ્તારમાં કેટલીક

દુકાનો પણ આવેલી છે, અને નગરની લાઈટોની સ્થિતિથી તો સૌ વાકેફ જ છે. રાત્રિના સમયે, જ્યારે દૃશ્યતા ઓછી હોય છે, ત્યારે કોઈ અજાણ્યો વાહનચાલક કે રાહદારી આ ખુલ્લી ગટરમાં ખાબકે તો તેની જવાબદારી કોની? આ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊભો થાય છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, આજે જ આ સ્થળે કોઈ ખાદ્યમૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. તંત્ર દ્વારા સવારથી જ રસ્તાની સફાઈ કરવામાં આવી હતી અને પાવડરનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો.

જબુગામ આનંદ કૃષિ યુનિવર્સિટી પાસે ટ્રકનો ગંભીર અકસ્માત, ડ્રાઇવરને ઇજા

ઈજાગ્રસ્ત ચાલકને હોસ્પિટલ ખસેડાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 16 બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલી આનંદ કૃષિ યુનિવર્સિટી નજીક આજે વહેલી સવારે આશરે 6:00 વાગ્યાના અરસામાં એક ટ્રક અકસ્માતનો ભોગ બન્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર ટ્રક અચાનક રોંગ સાઈડમાં જઈ રસ્તા કિનારે આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રકના આગળના ભાગને ભારે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતમાં ટ્રકના ડ્રાઈવરને ઈજાઓ પહોંચતા સ્થાનિક લોકોની મદદથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસ દ્વારા ઘટનાની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દેવકાંઠા વિસ્તારમાં દીપડાએ બે વ્યક્તિ પર હુમલો કર્યો

ફલોડ ગામમાં દીપડાએ હુમલો કરતા આધેડ દીપડા સાથે બાથે પડ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 16 વાઘોડિયાના દેવકાંઠા વિસ્તારમાં દીપડાએ આતંક મચાવ્યો છે. દેવનદી કિનારે આવેલા ફલોડ ગામમાં શિકારની શોધમાં ઘૂસેલા દીપડાએ રાત્રે બે વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. વાઘોડિયાના ઈતિહાસમાં માનવ પર દીપડાના હુમલાની આ પ્રથમ ઘટના હોવાનું કહેવાય છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે. આશરે રાત્રિના સાડા આઠ વાગ્યે બનેલી આ ઘટનામાં, દીપડાએ ઘર આંગણે ઉભેલા બે વ્યક્તિઓ પર અચાનક હુમલો કર્યો હતો. એક આધેડ પોતાનો જીવ બચાવવા

દીપડા સામે બાથે પડ્યા હતા અને હિંમતભેર પ્રતિકાર કર્યો હતો. દીપડાએ તેમને પેટ, પીઠ અને બાવડામાં પંજા મારી ઈજા પહોંચાડી હતી, પરંતુ પ્રતિકાર કરતા દીપડો ત્યાંથી ભાગી છૂટ્યો હતો.આ કોલાહલ અને બૂમાબૂમથી ગભરાયેલા દીપડાએ આગળ જતાં અન્ય એક આધેડ પર પણ હુમલો કર્યો હતો અને તેમનો કાન કરડી ખાધો હતો. ઘાયલ જમીન પર ઢળી પડતા, ગ્રામજનો દોડી આવતા દીપડાએ આધેડને છોડી દીધો હતો. દીપડાના આ આતંકને પગલે ફલોડ ગામમાં ભારે દોડધામ અને અફરાતફરી મચી હતી.